**<u>વાદી રસીકભાઈ ધારુભાઈ કોળીની આંક–પરની સરતપાસ લગત પ્રતિવાદી નં.ર તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, પી.આર.દવે</u>**

(૧) એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ મારા ભાઈ થાય છે અને પ્રતિવાદી નં. ર મારી બહેન થાય છે. જેશીંગભાઈ રઘાભાઈ મારા દાદા થાય છે. જેશીંગભાઈને ૩ દીકરા અને ૧ દીકરી હતી જેમાં દેવજીભાઈ, ધારુભાઈ,અમરતબેન અને પ્રેમજીભાઈ હતા. જેશીંગભાઈની ખેતીની જમીન સુસવાવ ગામે આવેલ હતી. એ વાત ખરી છે કે, હળવદ તાલુકાની સુસવાવ ગામની સર્વે નંબર ૧રવાળી જમીન તા. ૧૭/૧ર/પ૯નાં રોજ નોંધ નંબર ૧૭૬થી પડેલ હતી. એ વાત ખરી છે કે, નોંધ નંબર ૧૭૬ તારીખ ૧૯/ર/૧૯૬૦નાં રોજ પ્રમાણીત થયેલી. એ વાત ખરી છે કે, નોંધ નંબર ૧૭૬મુજબ ચાર ખેતર જેમાં સર્વે નંબર ૧ર, સર્વે નંબર ૩૪, સર્વે નંબર ર૩૭, સર્વે નંબર ૬૮ પડેલા. જેશીંગભાઈ રઘાભાઈ હૈયાત હતા ત્યારે દેવજીભાઈ જેશીંગભાઈને સર્વે નંબર ૧રવાળી જમીન આપવામાં આવેલી. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૧રવાળી જમીન દેવજીભાઈ જેશીંગભાઈના ખાતે ચડેલી. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૧રવાળી જમીન જયરાજસિંહ તેજુભા ઝાલાને રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેંચાણ કરેલ. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૩૪, સર્વે નંબર ર૩૭, સર્વે નંબર ૬૮ વાળી ખેતીની જમીન અમો વાદી તથા પ્રતિવાદી નં. ૧,ર ના સંયુકત ખાતે આવેલી. એ વાત ખરી છે કે, એ રીતે સર્વે નંબર ૩૪, સર્વે નંબર ર૩૭, સર્વે નંબર ૬૮ અને સર્વે નંબર ૧રપૈકી રની જમીન અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલી. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૩૪, સર્વે નંબર ર૩૭, સર્વે નંબર ૬૮ અને સર્વે નંબર ૧રપૈકી રની જમીન અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટાની જમીનમાં આજદીન સુધી વહેંચણી થયેલી નથી. એ વાત ખરી છે કે, જેશીંગભાઈ રઘાભાઈના મરણ બાદ હું તથા પ્રતિવાદી નં. ૧,ર માલીક અને કબજેદાર બનેલા. એ વાત ખરી છે કે, આ ચારે ચાર સર્વે નંબર અમારા સંયુકત ખાતે ચાલે છે. એ વાત ખરી નથી કે, હું ઓછુ ભણેલ હોવાથી આ જમીનનો વહીવટ પ્રેમજીભાઈ જેશીંગભાઈ મારા કાકા કરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પ્રેમજીભાઈ જેશીંગભાઈ મારા પિતાને પુછયા વગર જાતે વહીવટ કરતા હતા. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં.ર મારા ફૈબા થાય છે અને તે અભણ હતા. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧એ અમારી જાણ અને સંમતી વીના આ ખેતીની જમીન પ્રતિવાદી નં.૩નાઓને વેંચી નાખેલી. એ વાત ખરી છે કે, જે જમીન પ્રતિવાદી નં. ૧નાએ પ્રતિવાદી નં.૩ને વેંચી

નાખેલ છે તેમાં અમો તથા પ્રતિવાદી નં.૨ નો સરખો હીસ્સો સમાયેલ છે. એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૧૫૪૭ તારીખ ૨/૧૨/૧૯૯૬નાં વેચાણ દસ્તાવેજમાં મારા પિતાની કે પ્રતિવાદી નં.૨ની કોઈ સહી કે વેચાણ અંગેની કોઈ સંમતી નથી. એ વાત ખરી છે કે, તારીખ ૨/૧૨/૧૯૯૬ નાં રોજ પ્રતિવાદી નં. ૧નાએ પ્રતિવાદી નં.૩ની તરફેણમાં જે વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે ખોટો છે. એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૧૫૪૭માં મારા પિતા તથા પ્રતિવાદી નં.૨ના ખોટા અંગુઠા તથા સહી પ્રતિવાદી નં.૧નાએ કરેલ છે. એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૧ ૫૪૭ની સને ૨૦૧૩ સુધી મને કે પ્રતિવાદી નં.૨ નાઓને કોઈ જાણકારી ન હતી. એ વાત ખરી છે કે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૧૫૪૭ અંગે અમોને ૧૩૫ડી ની કોઈ નોટીસ બજવણી થયેલ નથી.

આ તબ્બકે પ્રતિવાદી નં.૩ના વિ.વ.શ્રી હાજરી ન હોય જેથી સબબ કામ પ્રતિવાદી નં.૩નાઓ તર્ફે વાદીની ઉલટતપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૧૧/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ